# SARDAR PATEL UNIVERSITY
## VALLABH VIDYANAGAR

**NAAC Re-Accreditation CGPA 3.11 Grade – "A"**

## Prospectus
## Admission for Bachelor of Education
## Academic Year 2025 - 2026

**As Per NCTE Regulation : 2014**

**Duration of the Programme**

**2025-2027**




**Sardar Patel University**
**Vallabh Vidyanagar – 388 120**
**Dist. Anand**
**Gujarat (India)**
**Website: www.spuvvn.edu**

## સરદાર પટેલ યુનિવર્સિટી

### વલ્લભવિદ્યાનગર

### NCTE Regulation-૨૦૧૪ અંતર્ગત બે વર્ષીય બી.એડ્. ૨૦૨૫-૨૭

**બી.એડ્. અભ્યાસક્રમ માટે પ્રવેશ, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬**

યુનિવર્સિટી અંગભૂત બી.એડ્. કોલેજ, અને સંલગ્ન સરકારી, અનુદાનિત સ્વનિર્ભર બી.એડ્. કોલેજોમાં બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે માન્ય યુનિવર્સિટીમાંથી પાસ થયેલ સ્નાતક અથવા અનુસ્નાતકની ડીગ્રીમાં ૫૦%, એન્જીનિયરીંગ અથવા ટેક્નોલોજીમાં વિજ્ઞાન અને ગણિત વિષયના સ્પેશ્યલાઇઝેશન સાથે સ્નાતક અથવા અનુસ્નાતકની ડિગ્રી ધરાવનાર માટે ૫૫% (SC/ST/OBC ને ૫% છુટછાટ રહેશે) કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ અરજીપત્રક **તા.૨૯/૦૫/૨૦૨૫ થી તા.૦૭/૦૬/૨૦૨૫** સુધીમાં ગુજરાત કોમન એડમીશન પોર્ટલ (GCAS) ની વેબસાઇટ **gcas.gujgov.edu.in** પર ઓનલાઇન પ્રવેશપત્રક ભરી શકશે. વધુ માહિતી યુનિવર્સિટી વેબસાઇટ www.spuvvn.edu/studentscorner/admissions/B.Ed તથા **gcas.gujgov.edu.in** પરથી મળી શકશે.

ઓનલાઇન ભરેલ પ્રવેશ ફોર્મ તથા જરૂરી તમામ દસ્તાવેજો (ડોક્યુમેન્ટ)નું વેરીફીકેશન યુનિવર્સિટી/કોલેજના હેલ્પ સેન્ટર ખાતે ફરજીયાત કરાવવાનું રહેશે. વેરીફીકેશન ન કરાવેલ હોય તેવાં અરજીપત્રકોનો મેરીટમાં સમાવેશ કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

તારીખઃ ૨૯/૦૫/૨૦૨૫

વલ્લભ વિદ્યાનગર — કુલસચિવ

**સરદાર પટેલ યુનિવર્સિટીની અંગભૂત અને સંલગ્ન પ્રશિક્ષણ મહાવિદ્યાલયોમાં પ્રવેશ મેળવવા સંબંધી અગત્યની સૂચનાઓ:**

---

(૧) તારીખ ૨૯/૦૫/૨૦૨૫ થી તારીખ ૦૭/૦૬/૨૦૨૫ દરમ્યાન જે વિદ્યાર્થીઓએ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરેલ છે અને યુનિવર્સિટી/કોલેજના હેલ્પ સેન્ટર ખાતે વેરીફીકેશન કરાવેલ છે તેવાં વિદ્યાર્થીઓને ઓનલાઇન મેરીટ મુજબ પ્રવેશ ફાળવવામાં આવશે.

(૨) બી.એડ્. પ્રવેશ પ્રક્રિયાનું શિડ્યુલ યુનિવર્સિટી/GCAS વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે જેથી ગુજરાત કોમન એડમીશન પોર્ટલ (GCAS) **gcas.gujgov.edu.in** ની વેબસાઇટ તથા સરદાર પટેલ યુનિવર્સિટીની વેબસાઇટ www.spuvvn.edu/studentscorner/admissions/B.Ed પરથી માહિતી મેળવવાની રહેશે.

(૩) વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યા બાદ રજીસ્ટ્રેશન સમયે કોલેજમાં તમામ અસલ દસ્તાવેજોની ચકાસણી કરાવવાની રહેશે.

(૪) જે વિદ્યાર્થીઓને અન્ય કોઇ કોર્ષમાં હાલ અભ્યાસક્રમ ચાલુ હશે અને બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવશે તો તેવા વિદ્યાર્થીઓએ મેળવેલ બી.એડ્. પ્રવેશ CBCS Regulations 2017-18, R. 6.5.6 મુજબ "***Registration in Parallel Degrees***: A student is not allowed to register him/herself simultaneously for more than one course. If at anytime it is found to be otherwise, his /her admissions will ***ipsofacto*** stand cancelled and all the fees and deposits paid by him/her will stand forfeited." રદ્ થશે જેની ખાસ નોંધ લેવી.

## <u>ઓનલાઈન અરજી કરવાની તથા પ્રોસેસીંગ ઓફ એપ્લીકેશન ફોર એડમીશન ફી ભરવાની પ્રક્રિયાઃ</u>

બી.એડ્. ઓનલાઇન પ્રવેશની જાહેરાતના સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. અરજદારે ૨૯/૦૫/૨૦૨૫ થી તારીખ ૦૭/૦૬/૨૦૨૫, સુધી ગુજરાત કોમન એડમીશન પોર્ટલ (GCAS) ની વેબસાઇટ gcas.gujgov.edu.in પર અરજીપત્રક ભરી શકાશે.

અરજદારે અરજી કરવા માટે નીચે મુજબના Steps (૧) થી (૧૧) અનુસરવાના રહેશે. અરજદાર તરફ થી પ્રોસેસીંગ ઓફ એપ્લીકેશન ફોર એડમીશન ફી રૂ. ૩૦૦/- ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, અથવા નેટ બેંકીંગ દ્વારા ઓનલાઇન ભર્યેથી અરજી માન્ય ગણાશે.

(૧) સૌ પ્રથમ gcas.gujgov.edu.in પર જવું.

(૨) Screen પર જમણી બાજુ રજીસ્ટ્રેશન માટે Apply Now પર ક્લિક કરવું.

(૩) સૌ પ્રથમ Registration માટે વિદ્યાર્થી પાસે પોતાનું E- Mail ID, મોબાઈલ નંબર હોવા જરૂરી છે.(સાઈબર કેફે નો ઈમેઈલ કે મોબાઈલ નંબર વાપરવો ઈચ્છનીય નથી)

(૪) વિદ્યાર્થીએ રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં તેઓએ પાસ કરેલ અંતિમ પરિક્ષાની માર્કશીટમાં જે નામ હોય તે મૂજબ જ પોતાનું નામ દર્શાવવું. Program type Option માં B.Ed. સિલેક્ટ કરવું, અન્ય જરૂરી તમામ વિગતો ભર્યા બાદ આપેલ E-Mail ID, મોબાઈલ નંબર પર આવેલ OTP ની એન્ટ્રી કર્યા બાદ E-Mail ID, મોબાઈલ નંબર પર Username અને Password મેસેજ દ્વારા મળશે. ત્યારબાદ Back to Login પર ક્લિક કરી Username અને Password નો ઉપયોગ કરી Sign in કરવાનું રહેશે.

(૫) ત્યારબાદ વિદ્યાર્થીએ Application Status પર પોતાની વિગતો ચકાસવી.

ત્યારબાદ Next Tab, Payment માં વિદ્યાર્થીઓએ ઓનલાઇન પેમેન્ટ પર ક્લીક કરી લાગુ પડતા વિકલ્પ ઉપર ક્લિક કરી જરૂરી માહિતી ભરી પ્રોસેસીંગ ઓફ એપ્લીકેશન ફોર એડમીશન ફી રૂ. ૩૦૦/- ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ, અથવા નેટ બેંકીંગ દ્વારા ઓનલાઇન ભરીને Payment Successful થયા બાદ Application Form ની પ્રિન્ટ લેવી. **પ્રોસેસીંગ ઓફ એપ્લીકેશન ફોર એડમીશન ફી કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.** (Non Refundeble)

(૬) ત્યારબાદ Profile પેજ પર વિદ્યાર્થીએ પોતાની વિગતો, સરનામા અંગેની માહિતી ભરી પોતાનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો (minimum size 5 MB JPG Format) તથા સહી (minimum size 2 MB JPG Format) અપલોડ કરવાનો રહેશે. ત્યારબાદ Save & Next બટન પર ક્લિક કરવું.

(૭) ત્યારબાદ Next Tab, Academic Detail માં વિદ્યાર્થીએ Cast, HSC, Graduation, Post Graduation તથા ઓનલાઇન પ્રવેશ ફોર્મમાં માંગેલ તમામ માહિતી ભરવાની રહેશે.ત્યારબાદ Save & Next Button પર ક્લિક કરવું.

(૮) ત્યારબાદ Next Tab, Choice માં વિદ્યાર્થીએ યુનિવર્સિટીના કોલમમાં સરદાર પટેલ યુનિવર્સિટી સિલેક્ટ કરવું, ત્યારબાદ કોર્ષના કોલમમાં Bachelor of Education સિલેક્ટ કરવું ત્યારબાદ જીલ્લા અને કોલેજોની પસંદગી કરવી.

(૯) ત્યારબાદ Next Tab, Final Submission માં વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મ સબમીટ કરતાં પહેલા પોતાની તમામ વિગતો જે ઓનલાઇન પ્રવેશ ફોર્મમાં ભરેલ છે તે વાંચી તેમાં જો કોઇ સુધારા હોય તો સુધારા-વધારા કરી અંતે I Agree પર ટીક કરી Final Submission કરવાનું રહેશે એકવાર ઓનલાઇન પ્રવેશ ફોર્મ સબમીટ થઇ ગયા બાદ કોલેજ/યુનિવર્સિટીના વેરીફીકેશન સેન્ટર ખાતે તમામ અસલ ડોક્યુમેન્ટ અને નકલ સહિત પ્રવેશ ફોર્મ નું વેરીફીકેશન કરાવવાનું રહેશે (જે પ્રવેશ ફોર્મનું વેરીફીકેશન થયેલ હશે તે જ પ્રવેશ ફોર્મને મેરીટમાં સમાવેશ કરવામાં આવશે).

(૧૦) વિદ્યાર્થીઓએ પ્રવેશ સમયે જે તે કોલેજમાં પોતાના અરજીપત્રક(ApplicationForm)ની નકલ(Print out) ની સાથે All Marksheet (Semester/Year), Cast Certificate, Valid Non- Creamy Layer Certificate, Economically Weaker Sections(EWS) Certificate, PH હોય તો Medical Certificate, માજી સૈનિક હોય તો સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

(૧૧) અરજદારે યુનિવર્સિટી / GCAS વેબસાઇટ નિયમિત રીતે જોતા રહેવું. યુનિવર્સિટી કાર્યાલય દ્વારા પ્રવેશ અંગેનો કોઇ પણ પ્રકારનો પત્રવ્યવહાર કે ટેલિફોનીક જાણ કરવામાં આવશે નહી.

Helpline for only Admission Information/query: (૦૨૬૯૨) ૨૨૬૮૦૭

## અગત્યની સૂચના

(૧) પ્રવેશ કાર્યવાહી મેરીટના આધારે થતી હોઇ, રૂબરૂ મુલાકાતથી તમને પ્રવેશ મળી જશે એમ માની લેવાને કારણ રહેતું નથી.

(૨) અધુરા અને લાયકાત વગરના અરજી ફોર્મ માન્ય રાખવામાં આવશે નહી.

(૩) પ્રવેશ મેળવ્યા બાદ દિન-૩ માં પ્રવેશ ફી (પેજ નં. ૮ મુજબ) રોકડેથી અથવા ઓનલાઇન, નેટ બેંકીંગથી ન ભરનાર ઉમેદવાર મેરીટ પ્રમાણે પ્રવેશ માટે હક્કદાર રહેશે નહી.

(૪) અનુસુચિત જાતિ (SC), અનુસુચિત જનજાતિ (ST), તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC) ના ઉમેદવારોએ જાતિ અંગેનું જીલ્લાના સમાજ કલ્યાણ અધિકારી અથવા સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર તેની પ્રમાણિત નકલો સાથે રજૂ કરવાનું રહેશે. SEBC માં આવતા વિદ્યાર્થી ભાઇ/બહેન નોન-ક્રિમિલેયર(પરિશિષ્ટ-૪ મુજબનું ગુજરાતીમાં) ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી તેવું માન્ય સમય અવધિ વાળુ સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે. આ ઉપરાંત ઉમેદવારે ઉતીર્ણ કરેલ તમામ પરીક્ષાઓના અસલ પાસીંગ સર્ટીફીકેટ તથા મૂળ (અસલ) માર્કશીટો વેરીફીકેશન અર્થે પ્રવેશ સમયે લાવવાના રહેશે.

(૫) બિન અનામત વર્ગના તથા આર્થિક રીતે નબળા વર્ગમાં સમાવેશ થતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને સશક્તિકરણ વિભાગના પરિપત્ર તારીખઃ ૨૩/૦૧/૨૦૧૯, નંબર. EWS/122019/45903/A મુજબ નિયમો લાગુ પડશે.

(૬) એક વખત ભરેલી ફી નીચે દર્શાવ્યા મુજબ યુ.જી.સી/યુનિવર્સિટીના નિયમ અનુસાર જ પરત મળશે.

| Sr. No | Percentage of Refund of fees* | Point of time when notice of withdrawal of admission is received in the HEI. |
|---|---|---|
| (1) | 100% | 15 days or more before the formally-notified last date of admission. |
| (2) | 90% | Less than 15 days before the formally-notified last date of admission. |
| (3) | 80% | 15 days or less after the formally-notified last date of admission. |
| (4) | 50% | 30 days or Less, but more than 15 days, after formally-notified last date of admission. |
| (5) | 00% | More than 30 days after formally-notified last date of admission. |

Note:* Caution money and security deposit, which are not part of the fees chargeable, shall be refunded in full.

(i) In case of (1) in the table above, the HEI concerned shall deduct an amount not more than 5% of the fees paid by the student, subject to a maximum of Rs.5,000/- as processing charges from the refundable amount.

(ii) Fees shall be refunded by all HEIs to an eligible student within fifteen days from the date of receiving a written application from him/her in this regard.

(૭) બી.એડ્. પ્રવેશ મેળવ્યા બાદ સાત દિવસમાં સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન જે તે કોલેજમાંથી અંતિમ ડીગ્રી પાસ/નાપાસ થયેલ હોય ત્યાંથી ટ્રાન્સફર સર્ટીફીકેટ પ્રવેશ મેળવેલ કોલેજમાં જમા કરાવવાનું રહેશે અને અન્ય યુનિવર્સિટીમાંથી આવેલ વિદ્યાર્થીઓએ એક માસમાં જે તે યુનિવર્સિટીમાંથી અસલ માઇગ્રેશન સર્ટીફીકેટ પ્રવેશ મેળવેલ કોલેજમાં જમા કરાવવાનું રહેશે. જો સમયમર્યાદામાં ટી.સી. અથવા જે તે

યુનિવર્સિટીનું અસલ માઈગ્રેશન સર્ટીફીકેટ રજૂ નહી કરવામાં આવે તો **ઓર્ડીનન્સ ૯૪(૧) મુજબ રૂ.૧,૦૦૦/- લેઈટ ફી થશે અને પરિણામ પેન્ડીંગ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.**

(૮) દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ઓર્થોપેડીક સિવિલ સર્જનનું નિયત નમૂનામાં નવું (FRESH) પ્રમાણપત્ર તેમજ નકલ પ્રવેશ ફોર્મના વેરીફીકેશન સમયે રજૂ કરવાનું રહેશે.

(૯) પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી આ પૂર્વેની પરીક્ષામાં જો ગેરરીતિના કિસ્સામાં પકડાયા હોય અને તેમને પરીક્ષા ન આપવા માટે જો યુનિવર્સિટી તરફથી કોઇ સજા થઇ હોય તો તેની જાણ પ્રવેશ લેતી વખતે યુનિવર્સિટીને કરવી. જો એવી જાણ પાછળથી થશે તો એ કિસ્સામાં યુનિવર્સિટી દ્વારા લેવાતા નિર્ણય પ્રવેશ મેળવનારને બંધનકર્તા રહેશે.

(૧૦) પ્રવેશ સંબંધી કોઇ વિવાદ ઉભો થાય તો તે અંગે કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટીનો નિર્ણય આખરી રહેશે.

(૧૧) બે વર્ષીય બી.એડ્. અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૫-૨૭, માટે NCTE ના નીતિનિયમો અને રેગ્યુલેશન બાબતે રાજ્ય સરકારશ્રી તથા ફી રેગ્યુરેટરી કમિટી તરફથી જે તે સમયે, જે કોઇ નિર્ણય આવે તે વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

સરદાર પટેલ યુનિવર્સિટી, સંચાલિત અને સંલગ્ન નીચે પ્રમાણેની પ્રશિક્ષણ કોલેજોમાં પ્રવેશ આપવામાં આવશે. આ માટે પ્રવેશાર્થીએ **GCAS Portal** પર એક જ ઓનલાઈન અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે.

| અ.ન. | કોલેજનું નામ | વિષય શિક્ષણ પધ્ધતિ |
|---|---|---|
| ૧. | એમ.બી.પટેલ કોલેજ ઓફ્ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, યુનિ. અંગભૂત, ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજ (ગુજરાતી માધ્યમ) | ગણિત, ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન અને ટેકનોલોજી, હિન્દી, સંસ્કૃત, સામાજીક વિજ્ઞાન, નામાનાં મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા. |
| ૨. | એન.એચ. પટેલ કોલેજ ઓફ્ એજ્યુકેશન, આણંદ (ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજ) (ગુજરાતી માધ્યમ) | ગણિત, અંગ્રેજી, સંસ્કૃત, સામાજીક વિજ્ઞાન, નામાનાં મૂળતત્વો, વિજ્ઞાન અને ટેકનોલોજી, ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર, |
| ૩. | આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ (ફક્ત બહેનો માટે) (ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજ) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, સામાજીક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજી, વાણિજ્ય વ્યવસ્થા,, હિન્દી, અંગ્રેજી, ગણિત, નામાનાં મૂળતત્વો. |
| ૪. | શ્રી આર.પી.અનડા કોલેજ ઓફ્ એજ્યુકેશન, બોરસદ (ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજ) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, સામાજીક વિજ્ઞાન, વાણિજ્ય વ્યવસ્થા, નામાનાં મૂળતત્વો, વિજ્ઞાન અને ટેકનોલોજી, ગણિત. |
| ૫. | શ્રીમતી એસ.આઇ.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ્ એજ્યુકેશન, પેટલાદ (ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજ) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, સામાજીક વિજ્ઞાન, વાણિજ્ય વ્યવસ્થા, નામાનાં મૂળતત્વો, વિજ્ઞાન અને ટેકનોલોજી, ગણિત અને અર્થવ્યવસ્થા. |
| ૬. | શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ્ એજ્યુકેશન, ખંભાત (ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજ) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, અર્થવ્યવસ્થા, સામાજીક વિજ્ઞાન, વાણિજ્ય વ્યવસ્થા, નામાનાં મૂળતત્વો, વિજ્ઞાન અને ટેકનોલોજી, ગણિત. |
| ૭. | H. M. Patel Institute of English Training and Research (CPE) (Grant in aid) (English Medium), Vallabh Vidyanagar | Only For English Subject (English Medium) |
| ૮. | જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલાસણ સરકારી કોલેજ (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, સામાજીક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજી ગણિત. |
| ૯. | જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કઠલાલ સરકારી કોલેજ (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, વિજ્ઞાન, ગણિત. |
| ૧૦. | શ્રી આઇ. જે. પટેલ બી.એડ્. કોલેજ, મોગરી. (નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, અંગ્રેજી, વિજ્ઞાન, હિન્દી, સંસ્કૃત, ગણિત, નામાનાં મૂળતત્વો, અર્થશાસ્ત્ર, વાણિજ્ય અને સામાજીક વિજ્ઞાન. |
| ૧૧. | આણંદ કોલેજ ઓફ્ એજ્યુકેશન, આણંદ. (નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, સામાજીક વિજ્ઞાન, નામાનાં મૂળતત્વો, વિજ્ઞાન અને ટેકનોલોજી, અર્થશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત, |

| | | |
|---|---|---|
| | | અંગ્રેજી, ગણિત. |
| ૧૨. | શ્રીમતી પી. કે. ઈનામદાર કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ.<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) (ગુજરાતી માધ્યમ) | ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, નામાનાં મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા અને સામાજીક વિજ્ઞાન. |
| ૧૩. | એન.આર.પટેલ બી.એડ્. કોલેજ, કરમસદ.<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, સામાજીક વિજ્ઞાન, હિન્દી, સંસ્કૃત, વાણિજ્ય વ્યવસ્થા, નામાનાં મૂળતત્વો, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી. |
| ૧૪. | સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ.<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે)(ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, અંગ્રેજી, ગણિત, અર્થશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, વાણિજ્ય વ્યવસ્થા, નામાનાં મૂળતત્વો. |
| ૧૫. | બાવીસ ગામ બી.એડ્. કોલેજ, વલ્લભ વિદ્યાનગર.<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે)(ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, અંગ્રેજી, ગણિત, અર્થશાસ્ત્ર, હિન્દી, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, નામાનાં મૂળતત્વો. |
| ૧૬. | શ્રીમતી એસ. કે. શાહ (ચ્હા વાળા) કોલેજ ઓફ એજ્યુકેશન, કપડવંજ<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, અંગ્રેજી, ગણિત, અર્થશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, વાણિજ્ય વ્યવસ્થા. |
| ૧૭. | શ્રી કે. જી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ઓડ.<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે)(ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, અંગ્રેજી, ગણિત, અર્થશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, વિજ્ઞાન(કેમેસ્ટ્રી), વાણિજ્ય વ્યવસ્થા, નામાનાં મૂળતત્વો. |
| ૧૮. | શ્રીમતી ધારીણીબેન. એ. શુકલા બી.એડ્. કોલેજ, મહેમદાવાદ.<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, વાણિજ્ય વ્યવસ્થા, નામાનાં મૂળતત્વો. |
| ૧૯. | ધી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી બી.એડ્. કોલેજ, મહેમદાવાદ.<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, વાણિજ્ય વ્યવસ્થા, સામાજીક વિજ્ઞાન, નામાનાં મૂળતત્વો, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, હિન્દી, અર્થશાસ્ત્ર. |
| ૨૦. | ક્રિશ્ચયન કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, હિન્દી, સંસ્કૃત, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજીક વિજ્ઞાન, વાણિજ્ય, ગણિત. |
| ૨૧. | ધર્મજ કોલેજ ઓફ એજ્યુકેશન, ધર્મજ<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર, ગણિત, સામાજીક વિજ્ઞાન, વાણિજ્ય વ્યવસ્થા, વિજ્ઞાન અને ટેકનોલોજી, નામાનાં મૂળતત્વો. |
| ૨૨. | શ્રી પી.એમ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ<br>(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) (ગુજરાતી માધ્યમ) | ગુજરાતી, વાણિજ્ય, અર્થશાસ્ત્ર, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, સામાજીક વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, નામાનાં મૂળતત્વો. |

**કોલેજ ફી અંગેની માહિતીઃ**

| અ.નં. | કોલેજ નું નામ | ટ્યુશન ફી (વાર્ષિક) ( ૧ અને ૨ સેમેસ્ટર )રૂ. |
|---|---|---|
| ૧. | એમ. બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (યુનિવર્સિટી અંગભૂત, ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ) | ભાઇઓ - રૂ.૫,૪૮૫/-<br>બહેનો - રૂ.૨,૯૮૫/- |
| ૨. | શ્રી આર. પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશન, બોરસદ (ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ) | ભાઇઓ - રૂ.૧૦,૫૦૦/-<br>બહેનો - રૂ.૮,૦૦૦/- |
| ૩. | આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ (ફક્ત બહેનો માટે) (ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ) | રૂ. ૭,૧૨૫/- |
| ૪. | એચ.એમ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લીશ ટ્રેઇનીંગ એન્ડ રીસર્ચ, વલ્લભ વિદ્યાનગર, (ફક્ત અંગ્રેજી વિષય માટે) (ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ) | રૂ. ૧૦,૫૦૦/- |
| ૫. | શ્રીમતી એસ. આઇ. પટેલ ઇપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ (ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ) | રૂ. ૧૦,૫૦૦/- |
| ૬. | શ્રીમતી બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન, ખંભાત (ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ) | ભાઇઓ - રૂ.૧૦,૫૦૦/-<br>બહેનો - રૂ.૮,૦૦૦/- |
| ૭. | એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ (ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજ) | રૂ. ૧૦,૩૦૦/- |
| ૮. | જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલાસણ (સરકારી કોલેજ) (ગુજરાતી માધ્યમ) | ભાઇઓ - રૂ.૪,૯૧૦/-<br>બહેનો - રૂ.૨,૪૧૦/- |
| ૯. | જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કઠલાલ (સરકારી કોલેજ) (ગુજરાતી માધ્યમ) | ભાઇઓ - રૂ.૫,૩૮૫/-<br>બહેનો - રૂ.૨,૮૮૫/- |
| ૧૦. | શ્રી આઇ.જે.પટેલ બી.એડ્. કોલેજ, મોગરી.(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૩૫,૦૦૦/- |
| ૧૧. | આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ.(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૩૫,૦૦૦/- |
| ૧૨. | શ્રીમતી પી.કે.ઇનામદાર કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ. (નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૩૫,૦૦૦/- |
| ૧૩. | એન.આર.પટેલ બી.એડ્. કોલેજ, કરમસદ.(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૨૭,૫૦૦/- |
| ૧૪. | સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ.(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૩૩,૦૦૦/- |
| ૧૫. | બાવીસ ગામ બી.એડ્. કોલેજ, વલ્લભ વિદ્યાનગર. (નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૩૫,૦૦૦/- |
| ૧૬. | શ્રીમતી એસ. કે. શાહ (ચહા વાળા) કોલેજ ઓફ એજ્યુકેશન, કપડવંજ. (નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૪૦,૦૦૦/- |
| ૧૭. | શ્રી કે. જી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ઓડ.(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૩૫,૦૦૦/- |
| ૧૮. | શ્રીમતી ધારીણીબેન. એ. શુકલા બી.એડ્. કોલેજ, મહેમદાવાદ. (નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૨૫,૦૦૦/- |
| ૧૯. | ધી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી બી.એડ્. કોલેજ, મહેમદાવાદ. (નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૩૬,૦૦૦/- |
| ૨૦. | ક્રિશ્ચયન કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૩૩,૦૦૦/- |
| ૨૧. | ધર્મજ કોલેજ ઓફ એજ્યુકેશન, ધર્મજ(નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૩૩,૦૦૦/- |
| ૨૨. | શ્રી પી.એમ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ (નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે) | રૂ. ૪૦,૦૦૦/- |

- **નાણાંકીય સ્વનિર્ભરતા (Self-Finance) ના ધોરણે ચાલતી બી.એડ્. કોલેજોની ફી રાજ્ય સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે મુજબ રહેશે. જેનું સર્વે વિદ્યાર્થીઓએ અને કોલેજોએ પાલન કરવાનું રહેશે. વિવાદની બાબતમાં નામદાર ગુજરાત હાઇકોર્ટનો નિર્ણય અંતિમ ગણાશે.**

**સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર સંચાલિત અને સંલગ્ન બી.એડ્. કોલેજોમાં બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની અગત્યની સૂચનાઓઃ**

--------------------------------------------------------------------------------------------------------------------------

-----

૧. કોલેજવાર પ્રવેશ સંખ્યા યુનિવર્સિટી, રાજ્ય સરકાર, **NCTE, New Delhi** ના નિયમોને આધિન વખતોવખત જે નક્કી થાય તે પ્રમાણે રહેશે. સ્નાતક / અનુસ્નાતક કક્ષાએ રાખેલ મુખ્ય વિષય પ્રમાણે જ બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ અપાશે.

૧.૧ સરદાર પટેલ યુનિવર્સિટીના અરજદારો માટે ૮૭%

૧.૨ રાજ્યની અન્ય યુનિવર્સિટીના અરજદારો માટે ૧૦%

૧.૩. રાજ્ય બહારની યુનિવર્સિટીના અરજદારો માટે ૦૩%

૨. અરજદારે તેમની અંતિમ પરીક્ષા સરદાર પટેલ યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીમાંથી પાસ/નાપાસ કરી હોય તો પ્રવેશ મેળવ્યા બાદ પ્રવેશથી એક માસમાં જે તે યુનિવર્સિટીમાંથી અસલ માઇગ્રેશન સર્ટીફીકેટ પ્રવેશ મેળવેલ જે તે કોલેજમાં જમા કરાવવાનું રહેશે. જો પ્રવેશ થી એક માસમાં અસલ માઇગ્રેશન સર્ટીફીકેટ જમા કરાવવામાં નહી આવે તો ઓર્ડીનન્સ ૯૪(૧) મુજબ રૂ.૧,૦૦૦/- લેઇટ ફી થશે અને જે તે સેમેસ્ટરનું પરિણામ પેન્ડીંગ કરવામાં આવશે.

૩. **<u>લાયકાત અંગેના નિયમોઃ</u>**

૩.૧ માન્ય કરેલ કોઇપણ યુનિવર્સિટીની ૧૦+૨+૩ ની તરાહની પદવી પરીક્ષામાં **NCTE** એ નક્કી કરેલા સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાના કુલ ગુણ **(Aggregate)** ના ઓછામાં ઓછા ૫૦%, અથવા એન્જીનિયરીંગ અથવા ટેકનોલોજી માં વિજ્ઞાન અને ગણિત વિષયના સ્પેશ્યલાઇઝેશન સાથે સ્નાતક અથવા અનુસ્નાતકની ડીગ્રી ધરાવનાર માટે ૫૫% ગુણ મેળવી પાસ કરનાર બી.એડ્.ના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણાશે.

૩.૨ **SC/ST/SEBC** કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓને ઉપરોક્ત ક્રમાંક ૩.૧ માં ૫% છૂટછાટ આપવામાં આવશે.

અરજીપત્રકમાં નીચે પ્રમાણે સૂચના ધ્યાનમાં લેવી.

૪. (૧) સ્નાતકની માર્કશીટ પ્રમાણે જ બી.એડ્.ના પ્રવેશ ફોર્મમાં નામ લખવું.

(૨) **Reserve Category** માં નીચે પ્રમાણે યોગ્ય **Category** સિલેક્ટ કરો. અને અધિકૃત અધિકારીશ્રીની સહી કરેલ પ્રમાણપત્રની ખરી નકલ જોડવી.

a) અનુસુચિત જાતિ – **SC**

b) અનુસુચિત જનજાતિ – **ST**

c) શારીરિક ખોડખાંપણ – **PH**

d) આર્થિક રીતે નબળા વિભાગો - **EWS**

e) સામાજીક અને આર્થિક રીતે પછાત - **SEBC**

f) માજી સૈનિક સંતાન – **Ex – Servicemen**

૪.૧ જો સ્નાતક સરદાર પટેલ યુનિવર્સિટી માંથી પાસ કર્યુ હોય તો – **SPU** કેટેગરીમાં મેરીટ જનરેટ થશે.

જો સ્નાતક સરદાર પટેલ યુનિવર્સિટી સિવાયની રાજ્યની અન્ય કોઇ યુનિવર્સિટીમાંથી પાસ કર્યુ હોય તો – **OUG** કેટેગરીમાં મેરીટ જનરેટ થશે.

જો સ્નાતક ગુજરાત રાજ્ય બહારની કોઇ યુનિવર્સિટી માંથી પાસ કર્યુ હોય તો – **OTG** કેટેગરીમાં મેરીટ જનરેટ થશે.

**Three Major Subject** થી સ્નાતક/અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓએ જે તે યુનિવર્સિટીમાંથી કયા મુખ્ય વિષયથી પરીક્ષા પાસ કરેલ છે તે અંગેનું પ્રમાણપત્ર અવશ્ય રજૂ કરવું.

૪.૨ સ્નાતક કક્ષાએ તમારો જે મુખ્ય વિષય હોય તે દર્શાવવો.

**જે વિદ્યાર્થીઓએ સ્નાતકની પરીક્ષા **Bio Technology, Bio Chemistry, Zoology, Botany, Genetics, Environmental Science** મુખ્ય વિષય તરીકે પાસ કરી હોય તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મમાં **Bioscience** વિષય સિલેક્ટ કરવો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Subject** | Gujarati | Hindi | English | Sanskrit | History |
| | Economics | Geography | Sociology | Political Science | Philosophy |
| | Psychology | Commerce | BioScience | Chemistry | Physics |
| | Mathematics | Statistics | Microbiology | Electronics | Home Science |

**ઉપરોક્ત કોષ્ટક સિવાયના વિષયોમાં સ્નાતક કક્ષાએ નિયત લાયકાત ધરાવતા બીબીએ, બીસીએ, બીએ(હોમ સાયન્સ), બીફાર્મ, એમબીબીએસ, બીએચએમએસ, એન્જીનિયરીંગ અથવા ટેકનોલોજીમાં વિજ્ઞાન અને ગણિત વિષયના સ્પેશ્યલાઈઝેશન સાથે ડીગ્રી ધરાવનાર તથા અન્ય અભ્યાસક્રમોનો સમાવેશ કરેલ છે. શાળા સંલગ્ન વિષયો સાથે સ્નાતક કે અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓને અગ્રતાક્રમ રહેશે. પ્રવેશ પ્રક્રિયાના અંતિમ રાઉન્ડમાં આવાં વિષયો ધરાવતાં સ્નાતક કે અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીઓને મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે. આ વિષયમાં લાયકાત ધરાવનાર માટે બી.એડ્. પ્રવેશ પ્રક્રિયાના અંતિમ રાઉન્ડ બાદ જે તે વિષયોની સીટો ખાલી રહેશે તો જ પ્રવેશ મળશે એમ માનીને બી.એડ્. પ્રવેશ ફોર્મ ભરી શકશે અને તેવા વિદ્યાર્થીઓએ પ્રવેશ મળી જશે એવું માનવું નહી. પોતાની જવાબદારી ઉપર પ્રવેશ ફોર્મ ભરી શકશે. જે તે કોલેજના આચાર્યશ્રી/બી.એડ્. મધ્યસ્થ સમિતિના નિર્ણયને આધીન આવા અભ્યાસક્રમમાં (વિષયવાળા) પ્રવેશાર્થીઓએ જે તે કોલેજમાં પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે.

**નોંધ:** **સ્નાતક કક્ષાએ વિદ્યાર્થીના ૫૦% કરતા ઓછા ગુણ મેળવેલ હોય તેવા કિસ્સામાં જે વિષયમાં સ્નાતક થયા હશે તે જ વિષયમાં અનુસ્નાતક કક્ષાએ જો ૫૦% કરતા વધુ ગુણ મેળવેલ હશે તેમને જ પ્રવેશપાત્ર (Eligible) ગણવામાં આવશે.**

૪.૩ જે તે કોલેજમાં વિષય શિક્ષણ પધ્ધતિ અધ્યાપનની સુવિધા હશે તે પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે.

૪.૪ HSC / Graduation / Post Graduation માં Semester / Year wise out of, Obtained Marks/**CGPA** દર્શાવવા.

દા.ત.,

(૧) માર્કશીટમાં ફક્ત ગુણ દર્શાવેલ હોય તો કુલ ગુણ ૬૫૦/૧૧૦૦, ૪૦૦/૯૦૦, ૧૨૦૦/૨૦૮૦ વગેરેના કુલ ટકા દર્શાવવા દા.ત. કુલ ગુણ ૧૧૦૦ માંથી ૬૫૦ ગુણ આવ્યા હોય તો ૫૯.૦૯ ટકા દર્શાવવા.

(૨) **CGPA** માટે તમામ સેમેસ્ટરના **Aggregate** કુલ ગ્રેડ ૫.૫૫/૧૦ હોય તો ૫૫.૫૦ ટકા દર્શાવવા.

૫. **માહિતીપુસ્તિકા મેળવવાની પ્રક્રિયાઃ**

માહિતી પુસ્તિકા યુનિવર્સિટીની વેબસાઇટ www.spuvvn.edu/studentscorner/admission/B.Ed ઉપર થી ડાઉનલોડ કરવાની રહેશે.

૬. **gcas.gujgov.edu.in** વેબસાઇટ ઉપરથી ઓનલાઇન અરજીપત્રકમાં જરૂરી વિગતો સંપૂર્ણ અને યોગ્ય રીતે ૨૯/૦૫/૨૦૨૫ થી તારીખ ૦૭/૦૬/૨૦૨૫ સુધીમાં ભરવાનું રહેશે.

૭. કોઇપણ સંજોગોમાં અસલ પ્રમાણપત્રો અરજી પત્રક સાથે સામેલ કરવાના નથી.

૮. દરેક બી.એડ્. કોલેજોમાં નીચે પ્રમાણેની સીટો અનામત રાખવામાં આવશે.

(૧) અનુસુચિત જાતિ (SC) - **૭%** (૨) અનુસુચિત જનજાતિ (ST) - **૧૫%**

(૩) દિવ્યાંગતા (PH) - **૫%** (૪) આર્થિક રીતે નબળા વિભાગો (EWS) -**૧૦%**

(૫) સામાજીક અને આર્થિક રીતે પછાત(SEBC) - **૨૭%**

(૬) માજી સૈનિક સંતાન (Ex – Servicemen) - **૧%**

૯. **મેરીટ લિસ્ટઃ**

૧૦. નિયત સમયમર્યાદામાં પ્રવેશ માટે નિયત અરજી પત્રકમાં અરજી કરી હોય અને ક્રમાંક ૩ માં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેવા પ્રવેશને પાત્ર ઉમેદવારોની મેરીટ લિસ્ટ નીચે મુજબ બનાવવામાં આવશે.

૧૦.૧ ઉમેદવારે સ્નાતક કક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે મેરીટ લિસ્ટ તૈયાર થશે.

૧૦.૨ જો મેરીટ લિસ્ટમાં બે વિદ્યાર્થીઓનાં ગુણ એક સરખા હોય તો તે બન્ને વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થીની જન્મ તારીખ વહેલાં હશે તે વિદ્યાર્થીને મેરીટમાં અગ્રતાક્રમ આપવામાં આવશે.

**૧૧. અનામત બેઠકોઃ**

૧૧.૧ **અનુસુચિત જાતિ,** અનુસુચિત જનજાતિ(ગારુડી અને જોગી જાતિ સહિત) માટે અનુસુચિત જાતિના ઉમેદવારો માટે **૭%**, તથા **અનુસુચિત જનજાતિ**(ગારુડી અને જોગી જાતિ સહિત) ના ઉમેદવારો માટે **૧૫%** બેઠકો અનામત રાખવામાં આવશે.

૧૧.૨ ઉપર ૧૧.૧ માં દર્શાવેલ અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ(ગારુડી અને જોગી જાતિ સહિત) ની અનામત બેઠકો ઉપર ફક્ત ગુજરાત સરકારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તરીકે માન્ય કરેલ હોય અને મૂળ ગુજરાત રાજ્યના વતની હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને પ્રવેશને પાત્ર ગણવામાં આવશે.

૧૧.૩ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તરીકે જે સંબંધિત અનામત કેટેગરીની ગુણવત્તા યાદીમાં સમાવેશ કરી બિન અનામત બેઠકો ઉપર પણ ગુણવત્તા અનુસાર પ્રવેશ સ્વીકારવાનો વિકલ્પ આપવામાં આવશે.

૧૧.૪ શૈક્ષણિક વર્ષમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ(ગારુડી અને જોગી જાતિ સહિત) ના ઉમેદવારો માટે ફાળવવામાં આવેલ બેઠકો માટે પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે ખાલી રહેતી હશે તો તે બેઠકો બિન અનામત બેઠકો માટેની ગુણવત્તાક્રમ યાદી પૈકીના ઉમેદવારોમાંથી નિયમ પ્રમાણે ગુણવત્તા અનુસાર ભરવામાં આવશે. અનુસૂચિત જનજાતિના ઉમેદવારોથી બેઠકો ભરાયા પછી ખાલી રહેતી બેઠકો યુનિવર્સિટી દ્વારા નિયત કરાતા પ્રવેશ સમયના નિયમો અને નિર્ણયને આધિન રહેશે.

૧૧.૫ ઉપર દર્શાવેલ પછાત જાતિના ઉમેદવારો માટેની અનામત બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છતા ઉમેદવારોએ ફક્ત નીચે દર્શાવેલા સત્તાધિકારીઓ પૈકીના કોઇપણ એક અધિકારીએ સહી કરી આપેલ અને મેળવેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

૧૧.૬ જીલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જીલ્લા મેજીસ્ટ્રેટ/નાયબ કમિશ્નર/કલેક્ટર, વધારાના નાયબ કમિશ્નર/નાયબ કલેક્ટર/ પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ/ સી.ટી. મેજીસ્ટ્રેટ/ પેટા વિભાગીય મેજીસ્ટ્રેટ(પહેલા વર્ગના સવેતન મેજીસ્ટ્રેટ થી ઉતરતી કક્ષાના નહી), તાલુકા મેજીસ્ટ્રેટ/ કાર્યપાલક મેજીસ્ટ્રેટ.

૧૧.૭ મુખ્ય પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ / વધારાના મુખ્ય મેજીસ્ટ્રેટ / પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ.

૧૧.૮ સમાજ કલ્યાણ નિયામક અને જીલ્લા સમાજ અધિકારી.

૧૧.૯ મામલતદાર થી ઉતરતી કક્ષાના નહી તેવા મહેસુલ અધિકારીઓ.

૧૧.૧૦ ઉમેદવાર અને અથવા તેનું કુટુંબ સામાન્ય રીતે વસવાટ કરતું હોય તે વિસ્તારના પેટા વિભાગીય અધિકારી.

૧૧.૧૧ વહીવટદાર/વહીવટદારના સેક્રેટરી/વિકાસ અધિકારી/લક્ષદ્રિપ અને મિનિકોટ ટાપુઓ.

૧૧.૧૨ જીલ્લા વિકાસ અધિકારીઓ/નાયબ જીલ્લા વિકાસ અધિકારીઓ.

૧૧.૧૩ જીલ્લા પછાત કલ્યાણ અધિકારીઓ(વર્ગ-૧)

૧૧.૧૪ તકેદારી અધિકારી (વર્ગ-૧)

૧૧.૧૫ રાજ્યના અનામત જાતિના ઉમેદવારો જો ગુજરાત રાજ્યની યાદીમાં સામેલ હોય તેવા સંજોગોમાંઅનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ માટે વર્ષ ૧૯૫૦ પહેલા રાજ્યમાં સ્થાયી થયા હોય તેના પુરાવા દર આધાર સહિત અરજીપત્રક રજુ કરવાનું રહેશે. તે સિવાય અરજી બિન અનામત જૂથ સામે નોંધવામાં આવશે.

**૧૨. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ માટેઃ**

૧૨.૧ ફકત ગુજરાત સરકારે માન્ય કરેલ મુળ ગુજરાતના વતની હોય તેવા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોના ઉમેદવારો માટે નીચેની શરતોને આધીન **૨૭%** બેઠકો અનામત રાખવામાં આવશે. આ **૨૭%** અનામત બેઠકોમાં દરેક જાતિની વિધવાઓ અને અનાથ ઉમેદવારોનો પણ સમાવેશ કરવામાં આવશે.

૧૨.૨ સામાજીક અને શૈક્ષણિક પછાત જાતિની અનામત બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છતા ઉમેદવારોએ તેમના પિતા/વાલી/કુટુંબનો

'ઉન્નત વર્ગ' (ક્રિમીલેયર) ની વ્યક્તિ/જૂથમાં સમાવેશ થતો નથી તે અંગેનું નીચે દર્શાવેલ સત્તાધિકારીઓ પૈકીના કોઇપણ એક સક્ષમ અધિકારીનું નિયત નમૂનામાં માન્ય પ્રમાણપત્ર મેળવીને રજૂ કરવાનું રહેશે.

૧૨.૩ જીલ્લા મેજીસ્ટ્રેટ/વધારાના જીલ્લા મેજીસ્ટ્રેટ/કલેક્ટર/ નાયબ કમિશ્નર/નાયબ કલેક્ટર/અધિક નાયબ કમિશ્નર/ પ્રથમ વર્ગના સ્ટાઇનેન્ડરી મેજીસ્ટ્રેટ/ સબ ડીવીઝન મેજીસ્ટ્રેટ/ તાલુકા મેજીસ્ટ્રેટ/એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ/અધિક નાયબ મદદનીશ કમિશ્નર(પ્રથમ વર્ગના સ્ટાઇનેન્ડરી મેજીસ્ટ્રેટ થી નીચેની કક્ષાના ન હોય તેવા).

૧૨.૪ ચીફ પ્રસીડેન્સી મેજીસ્ટ્રેટ/અધિક ચીફ પ્રસીડેન્સી મેજીસ્ટ્રેટ/પ્રસીડેન્સી મેજીસ્ટ્રેટ.

૧૨.૫ મામલતદાર(તહેસીલદાર) થી નીચેની કક્ષાના ન હોય તેવા મહેસુલી અધિકારી.

૧૨.૬ ઉમેદવાર સામાન્ય રીતે જ્યાં રહેતા હોય તે વિસ્તારના સબ ડીવીઝનલ ઓફીસર.

૧૨.૭ જો ઉમેદવાર 'ઉન્નત વર્ગ' અંગેનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારી પાસેથી મેળવીને રજૂ નહી કરે તો તેમની અરજી સામાજીક અને શૈક્ષણિક પછાત જાતિની અનામત બેઠકો ઉપર પ્રવેશ માટે વિચારણામાં લેવામાં આવશે નહી.

**૧૩. દિવ્યાંગ (PH) ઉમેદવારો માટેઃ**

૧૩.૧ દિવ્યાંગ (PH) ઉમેદવારો માટે દરેક અનામત બેઠકોમાંથી **૫%** બેઠકો અનામત રાખવામાં આવશે.

૧૩.૨ આ **૫%** અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારો ઓછામાં ઓછી **૪૦%** અને વધુમાં વધુ **૬૦%** દિવ્યાંગતા (PH) ધરાવતા હશે ફક્ત તેઓને જ આ અનામત બેઠકો ઉપર ગુણવત્તા અનુસાર પ્રવેશને પાત્ર ગણવામાં આવશે. આમ છતાં દિવ્યાંગતા (PH) તેમના અભ્યાસ દરમિયાન જરૂરી કામ કરવા માટે અવરોધક હોવી જોઇએ નહી.

૧૩.૩ દિવ્યાંગ(PH) ઉમેદવારોને ફાળે આવતી બેઠકો માટે પ્રવેશ પાત્ર ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે ખાલી રહેતી બેઠકો બિન અનામત બેઠકો માટેની ગુણવત્તા યાદી પૈકીના ઉમેદવારોમાંથી નિયમ પ્રમાણે ગુણવત્તા અનુસાર ભરવામાં આવશે.

૧૩.૪ દિવ્યાંગતા (PH) માટે નિયત કરેલ પ્રમાણપત્રોનો નમૂનો આ સાથે આપવામાં આવેલ છે. જેની ઉપર ઓર્થોપેડીક સિવિલ સર્જનની સહી અનિવાર્ય છે.

૧૩.૫ દ્રષ્ટિ દિવ્યાંગતા માટે અનામતની જોગવાઇ છે.અલબત્ત એ માન્ય પ્રમાણની દિવ્યાંગતા હોવી જોઇએ અને પ્રવેશ મળે

વર્તમાન પ્રાપ્ત સુવિધાઓમાં ભણવાનું રહેશે.

**૧૪. માજી સૈનિક/સશસ્ત્ર દળ/ પેરા મિલીટરી ફોર્સીસની વ્યક્તિઓનાં સંતાનો માટેઃ**

૧૪.૧ નીચે દર્શાવેલ કેટેગરીના વ્યક્તિઓના સંતાનો માટે **૧%** બેઠકો અનામત રાખવામાં આવશે.

૧૪.૨ માજી સૈનિક (એક્ષ સર્વિસમેન).

૧૪.૩ સશસ્ત્ર દળની વ્યક્તિઓ(આર્મ્ડ ફોર્સીસ પર્સનલ).

૧૪.૪ સિવિલ જી.ટી.કંપની (જેઓ યુદ્ધ મેદાનમાં સેવા બજાવતાં મૃત્યુ પામ્યા હોય અથવા કાયમી અશક્ત બનેલ હોય).

૧૪.૫ બોર્ડર સિક્યુરીટી ફોર્સ(**BSF**).

૧૪.૬ સેન્ટ્રલ રીઝર્વ પોલીસ ફોર્સ(**CRPF**).

૧૪.૭ જનરલ રીઝર્વ એન્જીનિયરીંગ ફોર્સ(**GREF**).

૧૪.૮ ઈન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસ(**ITBP**).

૧૪.૯ ઈન્ડો-તિબેટીયન સિક્યુરીટી ફોર્સ(**ITSF**).

૧૪.૧૦ સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરીટી ફોર્સ(**CISF**).

**૧૫.** જો ઉમેદવાર ગંભીર માંદગી / અકસ્માત કે અનિવાર્ય કારણોસર પ્રવેશની તારીખે રૂબરૂ હાજર રહી શકે તેમ ન હોય અને માતા-પિતા અધિકૃત વાલીના ઉમેદવારની સહી સાથેના પસંદગી વિકલ્પ તથા ઉમેદવાર ઉપસ્થિત ન રહેવાના કારણોના આધારભૂત પુરાવા સાથે નિયત તારીખ અને સમયે ઉપસ્થિત રહેશે, તો તે ઉમેદવાર પ્રવેશપાત્ર ગણાશે.

**૧૬.** જે તે કેટેગરી માટેની જે તે દિવસની પ્રવેશ કાર્યવાહી ચાલુ હોય ત્યારે જે ઉમેદવારે માહિતીપુસ્તિકામાં દર્શાવ્યા મુજબ પોતાનો પ્રવેશ હક્ક જતો કર્યો હોય તેવાં કિસ્સામાં જો ઉમેદવારને વિચાર બદલાય અને તે જ દિવસે પ્રવેશ કાઉન્સેલિંગના અંતે જે કોલેજની બેઠકો ખાલી હોય ત્યાં પુનઃ નિયત પત્રકમાં લેખિત અરજી કરતાં પ્રવેશ સમિતિ તેને પ્રવેશ આપવાનું વિચારી શકશે.

**૧૭.** જો કોઇ ઉમેદવાર નિયત તારીખ, સમયે અને સ્થળે રૂબરૂ પ્રવેશ માટે કોઇપણ કારણોસર ઉપસ્થિત ન રહે તો તે કારણે ખાલી પડેલી બેઠક મેરીટ લિસ્ટ પૈકી ના તેના પછીના ઉમેદવાર/ઉમેદવારોથી ભરવામાં આવશે.

**૧૮.** પ્રવેશ માટે બોલાવેલ વિદ્યાર્થીને પ્રવેશ આપવા અંગેની કોઇ જ બાંહેધરી આપવામાં આવતી નથી.

**૧૯.** વિદ્યાર્થીઓના પ્રવેશ મેળવ્યા બાદ રજીસ્ટ્રેશન સમયે કોલેજ દ્વારા તમામ અસલ દસ્તાવેજોની ચકાસણી કરવાની રહેશે.

**૨૦.** સરકારી, અનુદાન મેળવતી બી.એડ્. કોલેજોમાં વિદ્યાર્થી દીઠ વાર્ષિક ફી નું ધોરણ પાના નં. ૮ માં અનુક્રમ નં. ૧ થી ૯ માં દર્શાવેલ કોલેજોની સામે જણાવ્યા મુજબની ફી નું ધોરણ રહેશે. જ્યારે નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે ચાલતી બી.એડ્. કોલેજમાં ફીનું ધોરણ ક્રમાંક ૧૦ થી ૨૨ દર્શાવ્યા પ્રમાણે રહેશે.

**૨૧.** વિદ્યાર્થીઓના પ્રવેશ મેળવ્યા બાદ રજીસ્ટ્રેશન સમયે કોલેજ દ્વારા તમામ અસલ દસ્તાવેજોની ચકાસણી દરમ્યાન જો કોઇ ગુણપત્રક, પ્રમાણપત્ર વિગેરે બનાવટી માલુમ પડશે તો જે તે વિદ્યાર્થીનો પ્રવેશ રદ્ કરવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**૨૨.** GCAS/યુનિવર્સિટી/બી.એડ્. મધ્યસ્થ પ્રવેશ સમિતિ પ્રવેશ અંગેની અંતિમ તારીખ (કટ ઓફ ડેટ) નક્કી કરે તે તારીખ પછી પ્રવેશ આપવામાં આવશે નહી.

**૨૩.** સ્વનિર્ભર (સેલ્ફ ફાઈનાન્સ) કોલેજોમાં તમામ બેઠકો ગુણવત્તા યાદી મુજબ ભરવામાં આવશે.

**૨૩.૧** નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે ચાલતી બી.એડ્.કોલેજોની વાર્ષિક ફી રાજ્ય સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે મુજબ રહેશે. વિવાદની બાબતમાં નામદાર ગુજરાત હાઇકોર્ટનો નિર્ણય અંતિમ ગણાશે.

**૨૩.૨** ઉપર ક્રમાંક ૯ માં દર્શાવ્યા પ્રમાણે **૬૫%** અનામત બેઠકો તથા આ તમામ સીટોની ફાળવણી જે તે અનામત બેઠકો મુજબની રહેશે.

**૨૪.** રૂબરૂ મુલાકાત માટે પ્રવેશાર્થીએ સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

**૨૫.** પ્રવેશ અંગેની સંબંધિત સર્વે બાબતોમાં કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા ગણાશે.

**નોંધઃ** આ માહિતીપુસ્તિકામાં પ્રવેશ અંગેની કાર્યપધ્ધતિ અને નિયમોનો ફક્ત પ્રાથમિક ખ્યાલ જ આપવામાં આવેલ છે. પ્રવેશ અંગેની સર્વ કાર્યવાહી માટે તેમજ નિયમો અને વિનિમયોના અર્થઘટન માટે યુનિવર્સિટી તરફથી વખતોવખત બહાર પાડવામાં આવેલ આ અંગેના મૂળ ઠરાવ/ હુકમો/ સુચનાઓ વગેરે આધારરૂપ અને પ્રમાણભૂત ગણવામાં આવશે.

**જાતિ પ્રમાણપત્ર**

**સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે જાતિ પ્રમાણપત્રનો નમૂનો**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ---------------------- જીલ્લાના------------------ તાલુકાના-------- --------- ગામના શ્રી / કુ.------------------------- (પિતા / વાલીનું નામ) ------------------- ના -------------- ----------------- પુત્ર / પુત્રી----------------------------- (ઉમેદવારનું નામ)------------------ જ્ઞાતિના છે. જેને ગુજરાત સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૦૧/૦૪/૧૯૭૮ ના ઠરાવ નંબર બકર / ૧૦૭૯ / ૧૩૭૩૪ / હ. તેમજ ત્યારબાદ ના વખતોવખત બહાર પાડવામાં આવેલ સુધારા / વધારાની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ છે.

તારીખઃ

(સીલ) સક્ષમ અધિકારીની સહી

હોદ્દો

---

**‘ ઉન્નત વર્ગો ’ સંબંધી પ્રમાણપત્રો (રાજ્ય સરકાર)**

રાજ્ય સરકારની નોકરીઓ / ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશમાં અનામતનો લાભ લેવા માટે અરજી કરતી વખતે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રજૂ કરવાના પ્રમાણપત્રનો નમૂનો.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે -------------- જીલ્લાના ---------------- તાલુકાના------------ ગામના શ્રી/કુ.- -------------------- (પિતા/વાલીનું નામ)--------------------------- પુત્ર / પુત્રી------------ (ઉમેદવારનું નામ)---- ----------------- જ્ઞાતિના છે. જેને સરકારના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૦૧/૦૪/૧૯૭૮ ના ઠરાવ નંબર બકર / ૧૦૭૯ / ૧૩૭૩૪ / હ. તેમજ ત્યારબાદ ના વખતોવખત બહાર પાડવામાં આવેલ સુધારા / વધારાની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ છે.
શ્રી (પિતા / વાલીનું નામ) ---------------------- અને / અથવા તેમનું કુટુંબ સામાન્ય રીતે ગુજરાત રાજ્યના -------- ------------ જીલ્લાના રહીશ છે. આથી એ પ્રમાણિત કરવામાં આવે છે કે તે / તેણીનો ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૦૧/૧૧/૧૯૯૫ ના ઠરાવ નંબરઃ સશપ / ૧૧૯૪ / ખા-૧૦૯અ, સાથેના પરિશિષ્ટથી નિયત કરવામાં આવેલ ઉન્નતવર્ગો(ક્રિમિલીયર) ની વ્યક્તિ / જૂથમાં સમાવેશ થતો નથી.

તારીખઃ

(સીલ) (સક્ષમ અધિકારીની સહી)

હોદ્દો

**નોંધઃ** (ક) ઉપર દર્શાવેલ સામાન્ય રીતે શબ્દનો અર્થ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯ (રીપ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ, એક્ટ, ૧૯૫૦) ની કલમ-૨૦ માં જણાવ્યા મુજબનો જ રહેશે.

(ખ) આવાં જાતિ પ્રમાણપત્રો રાજ્ય સરકારનાં રાજ્યપત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવે તે કિસ્સાઓમાં આવા પ્રમાણપત્રો આ જ નમૂનામાં પરંતુ જીલ્લા મેજીસ્ટ્રેટ અથવા સક્ષમ અધિકારીની પ્રતિ સહીવાળા હોવા જોઈએ. (રાજ્યપત્રિત અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા અને જીલ્લા મેજીસ્ટ્રેટ / સક્ષમ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા અને જીલ્લા મેજીસ્ટ્રેટ / સક્ષમ અધિકારીઓ દ્વારા ખરાઈ કરવામાં આવેલા (એટેસ્ટેડ) પ્રમાણપત્રો પૂરતા ગણવામાંઆવશે નહી.)

(ગ) પરિશિષ્ટ-૬(બ) માં દર્શાવેલ પ્રમાણપત્રોના નમૂનાના પેરા(૨) માં પિતાનું નામ દર્શાવવાનું રહે છે. પિતા હયાત ન હોય તો માતાના નામનું પ્રમાણપત્ર મેળવવાનું રહે છે.

(ઘ) આ પ્રમાણપત્ર સરકાર માન્ય નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધી માન્ય હોવું જરૂરી છે.

**Certificate for Physically Handicapped Candidate for admsssion to B.Ed. Degree Course**

(are those who have physical defect or deformity which cause an interference with the normal functioning of bones, muscles and joints) Certified Dr. ____________________________________________________(Surgeon) address________________________________________________________
Registration No.__________________have this__________day of_________________ 2025 ___________________________ examined the applicant whose particulars are given bellow and that he / she falls within the above definition.

1. Full Name of Candidate:

2. a) Nature of disability
(to be mentioned in the square on the right side)
POST POLIO PARALYSIS, HEMIPLECIA QUADRAPLEGIA,MALUNITED FRACTURE, NERVE PARALYSIS UPPER EXTERMITY, LOWER EXTERMITY CONGENITAL, ACQUIRED, ABOVE KNEE, BELOWKNEE,HIP,HEMIPEL,VECTOMY,SYMES, HEOPARTS, WRIST, FINGERS, BELOW ELBO, ABOVE ELBOW, SHOULDERS FORE QUARTER, UNLATERAL BILATERAL.

2. Extent or disability(to be indicated in the on the Right side Estimate in percentages MC bridd scale)

ON ANATOMICAL FUNCTIONAL (PATIENTS SESSMENT) EXAMINER'S ASSESSMENT) ECONOMICAL BASIS MENTION AS PERCENTAGES (BELOW 40, 40-60, 60-90 TOTAL DISABILITY)

Despite of the disability whether candidate is fit to undergo Engineering and is above to discharge his duties as an Engineer thereafter. Please state YES OR NO in the square on the right side.

Counter verification by
Dr.Civil Surgeon
(Surgeon)

I certify that Shri/Kum. ______________________________________________ has been examined by Dr.______________________________________________ Surgeon on __________ 2025 and has been found handicapped and in my opinion, he/she is fit to undergo B.Ed. Education and discharge his/her duties as teacher.

Place: Civil Surgeon
Date: Stamp

## યુનિવર્સિટી સંચાલિત, સંલગ્ન સ્વનિર્ભર બી.એડ્. કોલેજોની ટૂંકી માહિતી

| અ.ન. | કોલેજનું નામ / સરનામું / આચાર્યશ્રીનું નામ | સ્થાપના વર્ષ | સંસ્થાનો પ્રકાર / કોડ નં. | કોલેજની વધુ માહિતી નીચે દર્શાવેલ વેબસાઈટ પરથી મળી શકશે |
|---|---|---|---|---|
| ૧ | ડૉ. હિતેશભાઈ પી. પટેલ<br>આચાર્ય,એમ.બી.પટેલ કોલેજ ઓફ્ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર<br>ફોન નં. ૦૨૬૯૨-૨૨૬૮૩૬/૩૭ | ૧૯૬૦ | યુનિવર્સિટી અંગભૂત,<br>અનુદાનિત કોલેજ, NCTE કોડ નં. ૩૧૩૦૪૩ | www.spuvvn.edu |
| ૨ | ડૉ. જે. કે. તલાટી<br>આચાર્ય, શ્રી આર.પી.અનડા કોલેજ ઓફ્ એજ્યુકેશન, બોરસદ<br>ફોન નં. ૦૨૬૯૬-૨૨૨૫૧૯ | ૧૯૭૧ | અનુદાનિત કોલેજ,<br>NCTE કોડ નં. ૧૩૮૮૪૦ | www.rpaedu.org |
| ૩ | ડૉ. ધીરજભાઈ. આર. પરમાર<br>આચાર્ય, આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ<br>ફોન નં. ૦૨૬૯૨-૨૫૧૮૭૬ | ૧૯૮૧ | અનુદાનિત કોલેજ,<br>NCTE કોડ નં. ૩૧૩૦૦૯ | www.aeduc.ac.in |
| ૪ | કા.આચાર્ય,<br>એન.એચ.પટેલ કોલેજ ઓફ્ એજ્યુકેશન, આણંદ<br>ફોન નં. ૦૨૬૯૨-૨૫૦૮૩૭, મો.૯૪૨૯૯૬૮૩૩૧ | ૧૯૭૧ | અનુદાનિત કોલેજ,<br>NCTE કોડ નં. ૩૧૩૦૨૨ | www.nhpateledu.org |
| ૫ | કા. આચાર્ય,<br>એચ.એમ.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ્ ઈંગ્લીશ ટ્રેનીંગ એન્ડ રીસર્ચ,<br>વલ્લભ વિદ્યાનગર<br>ફોન નં. ૦૨૬૯૨-૨૩૦૧૯૩ | ૧૯૬૫ | અનુદાનિત કોલેજ,<br>NCTE કોડ નં. ૩૧૪૦૦૧ | www.hmpenglish.edu.in |
| ૬ | કા. આચાર્ય,<br>શ્રીમતી એસ. આઈ. પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ્ એજ્યુકેશન, પેટલાદ<br>ફોન નં. ૦૨૬૯૭-૨૫૨૨૨૮, મો. ૯૪૨૮૭૯૯૬૪૫ | ૧૯૭૦ | અનુદાનિત કોલેજ,<br>NCTE કોડ નં. ૩૧૩૦૧૪ | www.bedcollegepetlad.org |
| ૭ | આચાર્ય,<br>ડૉ. અવધેશ ઝા<br>શ્રીમતી બી.સી.જે કોલેજ ઓફ્ એજ્યુકેશન, ખંભાત<br>ફોન નં. ૦૨૬૯૮-૨૨૦૨૫૦, મો.૯૮૨૫૦૭૬૮૩૫ | ૧૯૬૮ | અનુદાનિત કોલેજ,<br>NCTE કોડ નં. ૩૧૩૦૧૨ | www.bcjeducation.org |
| ૮ | કા. પ્રાચાર્ય,<br>જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલાસણ<br>ફોન નં. ૦૨૬૯૨-૨૨૨૦૩૬, મો. ૭૫૬૭૮૬૫૪૪૪ | ૨૦૦૨ | સરકારી કોલેજ,<br>NCTE કોડ નં. ૧૯૫૮૬૮ | diet_and@gujarat.gov.in |

| અ.ન. | કોલેજનું નામ / સરનામું / આચાર્યશ્રીનું નામ | સ્થાપના વર્ષ | સંસ્થાનો પ્રકાર / કોડ નં. | કોલેજની વધુ માહિતી નીચે દર્શાવેલ વેબસાઈટ પરથી મળી શકશે |
|---|---|---|---|---|
| ૯ | કા. પ્રાચાર્ય,<br>જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, કઠલાલ<br>મો. ૯૯૭૮૧૦૦૫૭૦ | ૨૦૧૭ | સરકારી કોલેજ,<br>NCTE કોડ નં. ૧૭૫૩૯૯ | www.dietkathlal.in |
| ૧૦ | કા.આચાર્ય,<br>શ્રી આઈ.જે.પટેલ બી.એડ્. કોલેજ, મોગરી.<br>ફોન નં. ૦૨૬૯૨-૨૩૬૨૬૬ | ૨૦૦૦ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૦૧૦ | www.ijbed.ac.in |
| ૧૧ | કા.આચાર્ય,<br>આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન,આણંદ.<br>ફોન નં. ૦૨૬૯૨- ૨૪૧૭૦૦, ૨૯૭૭૯૦ | ૨૦૦૩ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૦૨૫ | www.srksm.org/ace/ |
| ૧૨ | ડૉ. બીનાબેન મનીષકુમાર પારેખ,<br>આચાર્યા, શ્રીમતી પુષ્પાબેન કનૈયાલાલ ઈનામદાર<br>કોલેજ ઓફ એજ્યુકેશન, બાકરોલ.<br>ફોન નં. ૦૨૬૯૨-૨૩૩૮૯૯, મો.નં. ૬૩૫૧૫૯૦૩૭૨ | ૨૦૦૬ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૩૬૪ | www.pkiedu.com |
| ૧૩ | કા.આચાર્યા,<br>એન.આર.પટેલ બી.એડ્.(કો.એડ)કોલેજ,<br>કરમસદ બસ સ્ટેન્ડ પાસે, કરમસદ.<br>ફોન નં. ૦૨૬૯૨-૨૨૨૫૪૩,૨૨૨૦૨૪ મો. ૯૮૭૯૬૬૫૮૪૧ | ૨૦૦૮ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૩૩૨ | www.nrpbed.org |
| ૧૪ | ડૉ. પ્રભાત કાસરા,<br>આચાર્ય, સરદાર પટેલ કોલેજ ઓફ એજ્યુકશન,<br>વડતાલ રોડ, મુ. પો. બાકરોલ.<br>ફોનં નં. ૭૫૭૪૮૩૧૭૩૨ | ૨૦૦૮ | સ્વનિર્ભર કોલેજ, APW04609,<br>NCTE કોડ નં. ૩૨૩૪૪૬.<br>નેક એક્રીડીએશન - *B + Grade CGPA 2.71* | www.spec.edu.in |
| ૧૫ | કા.આચાર્ય,<br>બાવીસ ગામ બી.એડ્. કોલેજ, વલ્લભ વિદ્યાનગર.<br>ફોન નં. ૦૨૬૯૨-૨૩૯૪૦૧, ૨૩૨૭૩૪ | ૨૦૧૨ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૨૬૩ | bbccollege.org.in |

| અ.ન. | કોલેજનું નામ / સરનામું / આચાર્યશ્રીનું નામ | સ્થાપના વર્ષ | સંસ્થાનો પ્રકાર / કોડ નં. | કોલેજની વધુ માહિતી નીચે દર્શાવેલ વેબસાઈટ પરથી મળી શકશે |
|---|---|---|---|---|
| ૧૬ | કા.આચાર્ય,<br>શ્રીમતી એસ. કે. શાહ (ચ્હા વાળા) કોલેજ ઓફ એજ્યુકેશન, કપડવંજ<br>ફોન નં. ૦૨૬૯૧-૨૪૪૫૭૨ | ૨૦૦૭ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૩૧૬ | www.kpdjac.org |
| ૧૭ | કા.આચાર્ય,<br>ધી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી,<br>બી.એડ્. કોલેજ, મહેમદાવાદ.<br>ફોન નં. ૦૨૬૯૪-૨૨૪૪૭૦, મો. ૯૯૯૮૫૯૯૩૯૭ | ૨૦૦૭ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૦૯૭ | www.mesbed_college.org |
| ૧૮ | કા. આચાર્ય,<br>શ્રી કે. જી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, ઓડ.<br>ફોનનં.૯૦૩૩૨૧૩૧૬૨, ૯૯૨૫૦૯૩૧૯૪ | ૨૦૦૫ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૨૨૫ | www.odeeducationcollege.org.in |
| ૧૯ | ડૉ. દીનેશચન્દ્ર એસ. માલી, આચાર્ય,<br>શ્રીમતી ધારીણીબેન એ. શુકલા બી.એડ્. કોલેજ, મહેમદાવાદ,<br>સિધ્ધિવિનાયક મંદિર પાસે, ખાત્રજ ચોકડી, મહેમદાવાદ.<br>ફોન નં. ૦૨૬૯૪-૨૪૪૦૨૯, ૨૪૪૩૬૪ | ૨૦૧૬ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૧૭૦ | www.dhariniedu.in |
| ૨૦ | કા.આચાર્ય,<br>ક્રિશ્ચિયન કોલેજ ઓફ એજ્યુકેશન, આણંદ,<br>ફોન નં. ૦૨૬૯૨-૨૬૭૪૧૨ | ૨૦૦૭ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૪૨૫ | www.cce.anand.org |
| ૨૧ | કા.આચાર્ય,<br>ધર્મજ કોલેજ ઓફ એજ્યુકેશન,<br>ધર્મજ.આમ્રપાલી ટાઉનશીપ, પેટલાદ-ખંભાત રોડ, ,ધર્મજ.<br>તા.પેટલાદ, જી.આણંદ, ફોન નં. ૦૨૬૯૭-૨૪૪૪૭૦ | ૨૦૦૭ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૨૮૦ | www.dceducation.org |
| ૨૨ | કા.આચાર્ય,<br>શ્રી પી.એમ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,<br>સરદાર બાગ પાસે, નવા બસ સ્ટેન્ડની સામે, આણંદ,<br>ફોન નં. ૦૨૬૯૨-૨૫૩૬૫૬ | ૨૦૦૪ | સ્વનિર્ભર કોલેજ,<br>NCTE કોડ નં. ૩૨૩૧૪૩ | www.pmpeduapms.org |

*********